નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના;
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વ્હાલમના.
ગામને પાદર ઘૂઘરા વાગે,
ઊંઘમાંથી મારાં સપનાં જાગે,
સપનાં રે લોલ વ્હાલમનાં.
ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના.
કાલ તો હવે વડલાડાળે ઝૂલશું લોલ,
કાલ તો હવે મોરલા સાથે કૂદશું લોલ,
ઝૂલતાં ઝોકો લાગશે મને,
કૂદતાં કાંટો વાગશે મને,
વાગશે રે બોલ વ્હાલમના.
ઉંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના...

- મણિલાલ દેસાઈ

પાથેય

- રમેશ ઠક્કર

લાગણીની લથબથતા...

વિરહીજનોની વાત જ અનોખી છે.કોઈના માટે સ્નેહ હોય એ તો સમજી શકાય છે પરંતું ઘણીવાર બે સ્નેહીજનોની નિકટતા જે વાતો હોય છે એ આશ્ચર્યજનક હોય છે.પોતાના પ્રિયજનના દુઃખે દુઃખી થતા પરસ્પર પ્રેમીઓની ઘણી વાતો આપણને સમજાતી નથી.એ ગૂઢ અને રહસ્યમય હોય છે.ઉંબરો હવે તો કલ્પના બની ગયો છે.એક જમાનામાં ગામડાઓનાં ગારમાટીનાં ઘરોમાં પ્રવેશદ્વારે ઉંબરાની શોભા અવશ્ય રહેતી.ત્યાં ઉભા રહીને પ્રતિક્ષા કરતી મા કે પત્નીના મનોભાવો વિશે આપણી ભાષામાં અનેક કાવ્યો લખાયાં છે.પોતાના વાલમની રાહ જોતી અભિસારિકા ઉંબરે ઉભી રહીને દૂર રહેલા પોતાના પ્રિયજનના બોલ સાંભળી શકે છે..આમાં કલ્પના જેવું લાગે પંરતુ સાચા પ્રેમી માટે આ સહજ છે..એ ઘરમાં સૂતા સૂતા પણ પોતાના વાલમે કહેલા બોલ અનુભવી શકે છે..વિજ્ઞાન તો આજે ટેલિપથી કે મનોવિજ્ઞાન થકી આ અનુભૂતિને માને છે પણ જગતમાં પ્રેમીઓ જન્મ્યા ત્યારથી એકબીજાને દૂર રહીને પણ સાક્ષાત અનુભવવાનું જાણતા રહ્યા છે..

વિરહણીના મનના તરંગો એની ભીતરની લાગણીઓને ઉજાગર કરે છે.કલ્પના કેવી સરસ છે.ગામને પાદર ઘૂઘરા વાગે અને એ સપનામાંથી સફાળી બેઠી થઈ જાય! પોતે તો જાગી જાય પણ એનાં સપનાં પણ જાગી જાય એટલે કે એના મનમાં જે કોડ છે એ જાણે કે જીવંત બની જાય છે.એની પાછળનું કારણ એકમાત્ર છે મનમાં પડઘાતા બોલ વાલમના.!

ગજબ છે સ્નેહીજનોની દુનિયા..કોઇકના આગમનની તૈયારીઓ પણ કેવી ? એમાં એના તીવ્ર ભાવો વ્યકત થાય છે..નરસિંહ જેવા ભકત પણ વિરહમાં મસ્ત બની કહે છે એવા રે અમે એવા રે તમે કહો છો એવા..! અહીં નાયિકા પણ જાણે કશી પરવા કરતી નથી..વાલમ આવે તો શું કરવું એનો ઉમળકો એની પાસે હાથવગો છે.એ કહે છે કાલે તો વડલાની ડાળે ઝૂલશું..પ્રિયજન આવે એટલે થનગનાટ તો હોય જ ને ? મોરલા સાથે નાચશું એવી પણ ઇચ્છા છે.એમ કૂદતાં જે ભયસ્થાન છે એની પણ ખબર છે..એ વખતે જો કોઇ કાંટો વાગી જાય કે કોઇ ઝોકો વાગી જાય તો પણ વાલમના જે બોલ સંભળાવાના છે એની આગળ આ બધી વેદનાની કોઇ વિસાત જ નથી ! લાગણીની લથબથતા એ જ સાચા પ્રેમીઓની ઓળખ છે..હરખપદુડો ના હોય એવું કોઇ પ્રેમીજન શોધવું મુશ્કેલ છે.આપણે ડહાપણ થકી દુનિયાને પામવાનો પ્રયાસ કરીએ છીએ..આ લોકો ભીતર ઉમટતા ભાવોને ગીતોમાં મઢીને એનો ગુલ્લાલ કરતા રહે છે.

સફળતા માટે સ્પીડ અનિવાર્ય હોય તો ધીરજનો ગુણ કેવી રીતે આજે પ્રસ્તુત ગણાય?

પહેલું કિરણ
રમેશ તન્ના

આધુનિક માણસ દોડતો માણસ છે. આધુનિક માણસની જન્મકુંડળીના તમામ ખાનામાં ઉતાવળ, સ્પીડ, ગતિ અચૂક જોવા મળે છે. સ્પીડ વગર આજના માણસને ચાલતું નથી ત્યારે ધીરજ જેવી અવસ્થાને કઈ રીતે અમલમાં મૂકવી તે મોટો સવાલ છે. આદર્શની રીતે આપણે ચોક્કસ એવું કહીએ છીએ કે, ધીરજ એ સફળ અને સાર્થક જીવન માટે અનિવાર્ય એવો ગુણ છે. ધીરજનાં ફળ મીઠાં એમને એમ નથી કહેવાયું. એની કહેવાયું. એની પાછળ જીવનના અનેક અનુભવો પડેલા છે. ધીરજ એ સદ્‌ગુણ છે અને ઉતાવળ એ દુર્ગુણ છે એમ માનતા હોવા છતાં લોકો ધીરજ ધરી શકતા નથી. આખી દુનિયા ઉતાવળમાં હોય ત્યારે કોઈ વ્યક્તિ ધીરજ ધરીને જીવન જીવી શકે નહીં. આ હકીકત હોવા છતાં એ કબૂલવું જ પડે કે ધીરજ વિના છુટકો પણ નથી.

ગ્રીસમાં એક જમાનામાં ઉતાવળ એ દુર્ગુણ ગણાતો હતો. જે વ્યક્તિ અધીરી હોય તેને માનની નજરથી જોવામાં નહોતી આવતી. આજે પણ તમે ગામડામાં જાઓ તો જે લોકો ઉતાવળ કરતા હોય તેમને માનની નજરથી નથી જોવાતા. એને રોકવામાં અને ટોકવામાં આવે છે. ઉતાવળ એ આધુનિક જમાનાની શોધ છે અને જરૂરિયાત પણ છે.

માણસે જીવન જીવવા માટે ગતિ પકડી લીધી છે. આજે જે છે તે તેને મંજૂર નથી એટલે તે નવું નવું શોધવા માટે પ્રયત્ન કરે છે. આવી સ્થિતિમાં તે સતત દોડે છે. આ દોડે તેને ધીરજવાનમાંથી અધીરો બનાવી દીધો છે.

ગતિને કારણે ફાયદો થયો છે તો ગેરફાયદો પણ થયો છે. માણસે વિવિધ ક્ષેત્રે ગતિને પ્રગતિમાં ફેરવી છે. નવાં નવાં સાધનો, ઉપકરણો, સગવડ, સુખ સુવિધા અને વૈભવી જીવન જીવી શકાય તેવો અસબાબ તેણે ઊભો કરી લીધો છે. તેની સાથે સાથે મનની ચંચળતા વધી છે. એકાગ્રતા ઘટી છે. શરીરમાં નવા નવા રોગો પણ ઘૂસી ગયા છે.

મનુષ્યએ ઉત્તમ જીવન જીવવું હોય તો તેણે પ્રકૃતિમાંથી શીખ લેવી જોઈએ. પ્રકૃતિ સ્પષ્ટપણે એવું કહે છે કે, દરેકનો એક સમય હોય છે. પ્રકૃતિ રાહ જુએ છે અને ધીરજ ધરે છે. તેને કારણે જ સુફળ મળે છે. ઉતાવળે કદી આંબા ના પાકે. આંબા પર મોર બેસે, પછી ગરમી પડે, પછી કાચી કેરી થાય અને નિયત સમયે, ગરમી સહન કર્યા પછી એ કેરી પાકી થાય. એ કેરી પછી જ તમને મીઠી લાગે. જો તમારે કુદરતી સાચી મીઠી કેરી ખાવી હોય તો ધીરજ ધરવી જ પડે. રાહ જોવી જ પડે. તમે ખીચડી બનાવો તો ધીમા તાપે તેને ચડવા મૂકવી પડે. એ પછી તમારે ધૈર્ય રાખીને ખીચડી બરાબર થઈ જાય ત્યાં સુધી રાહ જોવી પડે. જો તમે વધારે અગ્નિ આપીને ખીચડીને ઝડપથી ચડાવવાનો પ્રયાસ કરશો તો એવું બની શકે કે, ખીચડી કાચી રહી જાય, અથવા તો દાઝી જાય.

એની સામે આજનો જમાનો મેગીનો છે. મેગી બે મિનિટમાં થાય, પરંતુ ખીચડી થતાં ૧૫-૨૦ મિનિટ લાગે. મેગીમાં સ્વાદ છે, પરંતુ ખીચડીમાં સ્વાદની સાથે સાથે પૌષ્ટિકતા અને પોષણ પણ છે. મેગીમાં રહેલો મૈંદો આંતરડાને હંફાવે છે, જ્યારે ખીચડી આંતરડાને મદદ કરે છે.

બસ, આ જ ફરક છે ઉતાવળ અને ધીરજ વચ્ચે.

ગુજરાતી ભાષાની ટોચની નવલકથા સરસ્વતીચંદ્ર લખતાં ગોવર્ધનરામ ત્રિપાઠીને ૨૦ વર્ષ થયાં હતાં. વિશ્વખ્યાત તાજમહેલને બંધાતાં પણ ૨૦ વર્ષ થયાં હતાં. રોમ કંઈ રાતોરાત નિર્માણ નથી પામ્યું.

ધીરજ ધરનાર વ્યક્તિ હંમેશાં જીતે છે. ધીરજથી સ્વસ્થતા આવે છે. ધીરજથી વ્યક્તિ પરિપક્વ બને છે. જે વ્યક્તિમાં ધીરજ ધરવાની ટેવ હોય છે તેની એકાગ્રતા પણ ખૂબ વધે છે. ધીરજ ધરનારી વ્યક્તિ જીવનમાં આવી ચડેલી આપત્તિઓને સહજ રીતે પાર પાડી શકે છે. ધીરજ ધરનારી વ્યક્તિ શાંતિ પ્રાપ્ત કરી શકે છે, એટલે જ તો ૩૨ લક્ષણની વ્યક્તિમાં ધીરજ ધારણ કરવાના ગુણને પણ મૂકવામાં આવ્યો છે.

જે વ્યક્તિ ધૈર્યવાન હોય છે તે આશાવાદી પણ હોય છે. તે રાહ જોઈ શકે છે. જે રાહ જોઈ શકે છે તેનામાં આપોઆપ માતાના ગુણ વિકસે છે. એવું કહેવાય છે કે, જે રાહ જુએ છે તે મા હોય છે. મા પોતાના પેટમાં ગર્ભ ધારણ કરીને નવ મહિના રાહ જોઈ શકે છે. જો પુરુષને મા બનવાની ઈશ્વરે સુવિધા આપી હોત તો તે નવ મહિના રાહ જોઈ શકત ?

ધીરજનો એક ગુણ વ્યક્તિમાં અનેક ગુણ ખેંચી લાવે છે. ધીરજવાળી વ્યક્તિ આસ્તિક બને છે. તે પ્રાર્થના કરતી થાય છે. તેને સારપમાં વિશ્વાસ બેસે છે. જે વ્યક્તિ ધીરજ ધરતી હોય છે તે વ્યક્તિની કસોટી પણ થતી હોય છે. જ્યારે ધૈર્યવાન વ્યક્તિ કસોટીમાંથી પાર પડે છે ત્યારે તેનું આત્મબળ પણ વધે છે.

ધીરજ અને આળસમાં ફરક છે. આળસ એટલે કશું કર્યાં વિના ફળની આશા રાખવી તે અને ધીરજ એટલે જે કરવાનું છે તે કરીને રાહ જોવી તે. ભારતમાં ધીરજવાન લોકો ઘટ્યા છે અને આળસુ લોકો વધ્યા છે એટલે દેશ અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યો છે.

છાંયડો:

સમય પાસે તમામ પ્રશ્નોના ઉત્તર હોય છે તેવી અંગ્રેજી કહેવત છે. જીવનમાં અનેક વખત એવું બને છે જ્યારે તમારે સમયને સમય આપવો પડે છે. સમયને સમય આપવાનું શાણપણ એનું બીજું નામ ધીરજ.

હૈયે પ્રીત, ગળે ગીત અને મુખે સ્મિત, આ છે જીવન જીવવાની સાચી રીત...!!

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

મીરાને એમ હતું કે,
ઝેરમાં કેવો નશો છે જોઈ લઉં...
તો, ઝેરને પણ એમ હતું કે
એ બહાને કંઠમાં
કૃષ્ણનો પ્યાર જોઈ લઉં
હૈયે પ્રીત, ગળે ગીત અને મુખે સ્મિત,
આ છે જીવન જીવવાની સાચી રીત...!!

આજના આ સમયમાં જીવન જીવવાનું સ્તર એટલે કે life style ખૂબ બદલાઈ છે. દરેક વ્યક્તિ પોતાની મરજી મુજબ કે ઈચ્છા મુજબનો ખર્ચ કરતી થઈ છે. શનિવાર અને રવિવાર આવે ત્યારે તો શહેરની તમામે તમામ રેસ્ટોરન્ટ મોટાભાગે ઉભરાતી જ જોવા મળે છે. દરેક પાસે સારા કપડાં, મોંઘી ગાડી અને લેટેસ્ટ મોબાઈલ ફોન આવી ગયા છે. પણ આ બધું હોવા છતાં માણસ અંદરથી સાવ ખોખલો હોય એવું લાગી રહ્યું છે. અને માટે જ ડિપ્રેશન અને સ્ટ્રેસનો ભોગ એ ખૂબ ઝડપથી બની જાય છે. તેની પાસે શું છે એ ન જોતાં શું નથી એ જ તેને દેખાયા કરે છે જે એક ચિંતાનો વિષય ગણાય! એક નાનકડી વાર્તા મુકુલ કલાર્થીએ લખેલ છે :

'મહાત્મા તોલ્સતોય પાસે એક જુવાન આવીને કહેવા લાગ્યો : 'હું બહુ જ ગરીબ માણસ છું. મારી પાસે એક પાઈ સુદ્ધાં નથી !'' તોલ્સતોય મીઠું સ્મિત ફરકાવતાં બોલ્યા, 'તારી પાસે એક પાઈ સુદ્ધાં નથી ? એમ તે કાંઈ બને ?' જુવાન દયામણે અવાજે બોલ્યો : 'ના જી, મારી પાસે કશું જ નથી.' તોલ્સતોયે કહ્યું : 'તને એક રસ્તો બતાવું. મારો એક મિત્ર વેપારી, માણસની આંખો વેચાતી લે છે. તે બે આંખના વીસ હજાર આપે છે. બોલ, તારે પૈસાની જરૂર હોય તો તારી બે આંખો વેચવી છે ?'

જુવાન ફાટી આંખે બોલ્યો : 'શું કહ્યું - આંખો ? ના જી ! તોલ્સતોય આગળ બોલ્યા : 'તે વેપારી હાથ પણ ખરીદે છે. બેય હાથના મળીને પંદરેક હજાર આપશે. બોલ, તારે હાથ વેચવા છે ?' પેલા જુવાન ગભરાયેલા અવાજે બોલ્યો : 'ના જી ! મારે હાથ નથી વેચવા !'

તોલ્સતોય હસતા હસતા બોલ્યા : 'તો પછી એમ કર તારા પગ વેચી નાખ. તને બે પગના તે દસ હજાર તો આપશે જ.'

જુવાન તો તોલ્સતોયની વાતો સાંભળીને ધ્રુજતે અવાજે બોલ્યો : 'સાહેબ, આવું બધું આપ શું બોલો છો ? મને તો એ સાંભળીને ગભરામણ થાય છે !'

તોલ્સતોય ખડખડ હસતા બોલ્યા : 'હું તને તારી નિર્ધનતા મટાડવાનો ઉપાય જ બતાવું છું. એમાં ગભરાવા જેવું

શું છે ? અચ્છા, સાંભળ. જો તારે ખૂબ પૈસાદાર થવું હોય તો તને એક લાખ રૂપિયા આપીને એ મારો મિત્ર તારું આખું શરીર ખરીદી લેશે. તે વેપારી માણસના શરીરમાંથી ગુપ્ત દવાઓ બનાવે છે, એટલે તને લાખ રૂપિયા એ જરૂર આપશે.બોલ, શો વિચાર છે ?'

પેલો જુવાન હિંમત એકઠી કરીને જરા મક્કમ અવાજે બોલ્યો : 'સાહેબ, એક લાખ તો શું - કોઈ કરોડ રૂપિયા આપે તો યે હું મારું શરીર નહીં વેચું !'

એ સાંભળી તોલ્સતોય પ્રેમાળ સ્મિત ફરકાવતા બોલ્યા : 'જે માણસ કરોડ રૂપિયા લઈને પણ પોતાનું શરીર વેચવા તૈયાર નથી, તે જો એમ કહે કે હું સાવ નિર્ધન છું, તો કોઈને હસવું ન આવે ? અરે, ભલા જુવાન, આ આંખો, આ હાથ, આ પગ, આ પ્રાણવંત શરીર એ - સૌ ધનના અખૂટ ખજાના છે. આટલું જોઈ લે અને મહેનત કર. સોનું, રૂપું એ સઘળું પછી કશી વિસાતમાં નથી. ચાંદો-સૂરજ પણ તારા હાથવેંત જ છે.'

આપણી પાસે શું નથી એના બદલે શું છે એ જ્યારે આપણા યુવાનો સમજતા થઈ જશે ત્યારથી એમને જીવન

જીવવાની નવી રીત સમજાશે. મનુભાઈ પંચોળી લખે છે,

"શિક્ષણ ખાતર શિક્ષણ નહીં,
સાહિત્ય ખાતર સાહિત્ય નહીં,
સેવા ખાતર સેવા નહીં.
આ ત્રણેયમાંથી શક્તિ પ્રગટાવી જોઈએ.
માણસ બેઠો થવો જોઈએ.
આવી તાકાત જો ન નીપજતી હોય,
તો શિક્ષણ – સાહિત્ય - સેવા બધું નકામું.''

ગાડરીયા પ્રવાહમાં વહી જવાને બદલે યુવાનો પોતાની સ્વતંત્ર બુદ્ધિથી વિચારતા થાય અને પોતે શું કરવું છે અને શા માટે કરવું છે એ દઢપણે સમજતા થશે ત્યારે આપણી સામાજિક ક્રાંતિનો આરંભ થશે. આંધળા પાશ્ચાત્ય સંસ્કૃતિના અનુકરણ કરવાથી પોતાને મોર્ડન સમજનારા લોકો અંદરથી સાવ રૂઢિચુસ્ત માન્યતા ધરાવતા હોય છે. ધ્યાન, મેડીટેશન કે કોઈ સંપ્રદાયથી પ્રેરાઈને એ પોતાની જાતને વિદ્વાન માનવા લાગે છે પણ જયાં સુધી એ પોતાના અંતરઆત્માના ઉદ્ધાર માટે કટિબદ્ધ નહિ બને ત્યાં સુધી આ બધું સાવ નિરર્થક છે. વિદ્વતા, દેશદાઝ, સાદગી આ તમામ બાબતો સાહજિક રીતે જ યુવાનોને સમજાય અને તેનું પાલન તેઓ આજીવન કરતા થાય તે માટે તેમના અંતરઆત્માને જાગૃત બનવું પડશે. ગાડરિયા પ્રવાહની જેમ ફેશન, સ્ટાઈલ અને બાહ્ય સોફિસ્ટીકેશનને બદલે અંદરથી થોડા શુદ્ધ બનીશું તો તેની ચમત્કારિક અસર માત્ર પોતાને જ નહિ આખાયે સમાજને પણ અનુભવાશે.

Last Seen :

'ભારતનું બદકિસ્મત એ છે કે એના જુવાનો ક્રાંતિકારી નથી. જોમવંતા શરીર જેટલી જ અગત્યતા જોમવંતા દિમાગની પણ છે. ભારતને ક્રાંતિની અવશ્ય જરૂર છે - અને તે માત્ર રાજકીય ક્રાંતિની જ નહિ.'

- એન.એન. સચ્ચિદાનંદ

- nehalgadhavi101@gmail.com

ગાંધીનગર જિલ્લા ન્યાયાલયના સ્થાપનાનો ઈતિહાસ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગાંધીનગર શહેરના વિકાસની સાથે જન સંખ્યા વધતા પ્રથમ જ્યુડિસિયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ તથા સીવીલ કોર્ટની સ્થાપના ૧૫/૦૨/૧૯૭૮ ના રોજ કરવામાં આવેલ પ્રથમ ન્યાયધિશ તરીકે શ્રી જી.કે.પટેલ સાહેબની નિમણૂક કરવામાં આવેલ ત્યારે ગાંધીનગર કોર્ટમાં કલોલ, દહેગામ તથા અમદાવાદથી વકીલશ્રીઓ નગરની જનતાને ન્યાય અપાવવા આવતા તેમજ ગાંધીનગર શહેર ગામમાંથી માત્ર ચારથી પાંચ વકીલો જ પ્રેકટીસ કરતા જેમાં સીનીયર એડવોકેટ ચંદુલાલ મગનલાલ રાવલ, પી.પી.બિહોલા, એમ.કે.ગોસ્વામી જયેન?દ્રસિંહ જાડેજા તથા જે.સી.જયસ્વાલ મનુભાઇ પટેલ મુખ્ય હતા ચંદુલાલ રાવલ કોર્ટની સ્થાપના કાળથી ૧૫ વર્ષ સુધી બિનહરીફ પ્રમુખ તરીકે સેવાઓ આપતા ત્યારબાદ અશોકભાઈ મહેતા , અશોકભાઈ પટેલ તથા રાજુભાઈ પટેલ, શંકરસિંહ ગોહિલ બાર એસોસિયેશનના વ્યવસ્થાપન કમિટીમાં કાર્યરત રહેલ નગરના વિકાસની સાથે જનસંખ્યામાં વધારો થતા નવિન કોર્ટની માંગણી માટે ચેતન સોલંકીએ આમરણ ઉપવાસ કરતા અંતે વકીલોની માંગણી રાજતંત્ર દ્વારા સ્વીકારી ૨૦૦૧ માં સેક્ટર – ૧૧ ખાતે નવીન કોર્ટની સ્થાપના કરવામાં આવેલ તે પહેલા સેશન?સ કોર્ટના કામકાજ માટે મિરઝાપુર કોર્ટમાં વકીલ તથા જનતાએ ન્યાય મેળવવા જવુ પડતુ સરકારે ગાંધીનગર સેશન્સ એન્ડ ડીસ્ટ્રીક્ટ કોર્ટની મંજૂરી આપતા પ્રથમ સેશન્સ જજ તરીકે યશવંત શુક્લની નિમણુક કરવામાં આવી ત્યારબાદ ૨૦૦૧ માં શ્રી કૌશલ ઠાકરની નવીન કોર્ટના પ્રથમ સેશન્સ એને ડીસ્ટ્રીક્ટ જજ તરીકે નિમણુક કરવામાં આવી

હાલમાં સેક્ટર – ૧૧ ખાતે ત્રણમાળની કોર્ટ કાર્યરત છે જેમાં ૨૫ જ્યુડીશીયલ તથા સીવીલ કોર્ટ ચાલે છે. ૩,૦૦૦ થી ૪,૦૦૦ જેટલા બાર એસોશીયનમાં નોંધાયેલા વકીલો છે. રોજ ૪,૦૦૦ વકીલો તથા પક્ષકારોની અવર-જવર રહેતી હોય કોર્ટ બીલ્ડીગ સાંકડુ પડે છે તથા આજુબાજું કલેક્ટર ઑફીસ તથા ચેરીટી કમિશનરની ઑફીસ, રેવન્યુ કોર્ટ આવેલ હોય જિલ્લાના પક્ષકારોની અવર-જવર વધતા કોર્ટ કમ્પાઉંડ નાનુ પડતુ હોય બાર એસોશીયનની માંગણી માન. રૂપાણી સાહેબની સરકારે સ્વીકારી ત્યારબાદ કાયદામંત્રી રાજેન?દ્રભાઇ ત્રિવેદી તથા લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી માન. ભૂપેન?દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા કરોડોના ખર્ચે નવીન અત્યાધુનિક કોર્ટના નિર્માણ માટે ૨૦,૦૦૦ ચો.મી જમીન સેક્ટર – ૧૧ રામકથા મેદાન પાસે ફાળવતા નગરજનોમાં તથા વકીલ આલમમાં આનંદ છવાઈ ગયો છે.

પ્રથમ ડીસ્ટ્રીક્ટ કોર્ટ કાર્યરત થતા મુખ્ય સરકારી વકીલ તરીકે શ્રી હિતેષ રાવલ છેલ્લા ૧૮ વર્ષ ઉપરાંતથી મુખ્ય સરકારી વકીલ તથા એ.પી.પી તરીકે ફરજ બજાવે છે. હાલમાં સુનીલ પંડ્યા, પ્રિતેશ વ્યાસ, જીજ્ઞેશ જોષી એ.પી.પી તરીકે ફરજ બજાવે છે જ્યારે એ.જી.પી તરીકે લાલસિંહ ગોહિલ તથા યોગેશ જનસારી સેવાઓ આપે છે. તથા ગૌવંશ તરીકે સ્પે. પબ્લીક પ્રોસીક્યુટર તરીકે જાણીતા ધારાશાસ્ત્રી ડૉ. અશ્વિન ત્રિવેદી ૨૦૨૦ થી નિમણુક કરેલ છે. પોસ્કોકોર્ટ, નશાબંધી માટે નવા કાયદા અમલમાં આવતા એ.પી.પી ની નિમણુકો કરેલ છે. તેમજ લીગલ મદદનીશ તરીકે પણ ત્રણ વકીલોની નિમણુકો આપેલી છે

મફત કાનૂની સલાહ કેન્દ્રની પણ સ્થાપના કરેલ છે. જેમાં સીનીયર એડવોકેટો કનૂની સલાહ ગરીબ જનતાને પુરી પાડે છે.

સેક્ટર – ૩૦ ની કોર્ટમાં લોક અદાલતનુ ભવ્ય આયોજન અશોક પટેલના પ્રમુખપદે કરવામાં આવેલ જેમાં સુપ્રીમ કોર્ટના ન્યાયમુર્તીશ્રી હાજર રહી ઉદઘાટન કરેલ

માન. નરેન્દ્ર મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે સેક્ટર – ૧૧ ની નવીન કોર્ટના બિલ્ડીગને લોકપર્ણ કરેલ તેમજ લોક અદાલતમાં ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરુ પાડેલ

હાલમાં ફેમીલી કોર્ટના કેસોની સંખ્યા વધતા અલગ ફેમિલી કોર્ટની સ્થાપના કરેલ છે. જેમાં ફેમિલી કોર્ટના જજ તરીકે રશિદાબેન વોરા સેવાઓ આપે છે.

ગાંધીનગર બાર એસોશિયનના સીનીયર એડવોકેટ શંકરસિંહ ગોહિલ તથા કરણસિંહ વાઘેલા બાર કાઉન્સીલના સભ્ય તરીકે ચુંટાઈ વકીલોના પશ્નોના નિરાકરણ સુખદ રીતે લાવે છે. હાલમાં પ્રમુખ તરીકે રજેન્દ્રસિંહ ખેર સેવાઓ આપે છે.

ગાંધીનગર બાર એસોશિયનનો ઈતિહસ ગૌરવવત રહ્યો છે હાલમાં સી.એમ.રાવલ ગાંધીનગર કોર્ટની સ્થાપના કર્યાથી એટલે કે ૧૫/૦૨/૧૯૭૮ થી આજદિન સુધી ૯૦ વર્ષની ઉંમરે વકીલાત કરે છે. બાર રૂમમાં ઈ-લાયબ્રેરી તથા મહિલાઓની સંખ્યા વધતા અલગ મહિલા બારરૂમ કાર્યરત છે. પરંતુ રોજ ૨,૦૦૦ થી ૩,૦૦૦ જેટલા વકીલોની અવર-જવર તથા પક્ષકારોની અવર-જવર થતા ત્રણમાળની કોર્ટ નાની પડતી હોય તથા લિફ્ટની સુવિધા ના હોય વૃધ્ધો તથા બિમાર લોકોને સાક્ષી તરીકે હાજર રહેવા ત્રણ માળ ચઢવા મુશ્કેલ હોય નવીન અત્યાધુનિક કોર્ટની માંગણી કરતા ગુજરાત સરકારે મંજુર કરતા ૨૩/૦૪/૨૩ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી તથા એમ.સી.શાહ સુપ્રિમ જજશ્રી તથા અન્ય નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તીશ્રી તથા સીનીયર જુનીયર એડવોકેટ્સની પ્રેરક ઉપસ્થિતી નવીન કોર્ટના ભૂમિપૂજન થતા નગરમાં આનંદની લાગણી વ્યાપી છે.